# ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદન કરાવ્યું

## પોતાના જીવના જોખમે કોરોના સંક્રમણ નિયંત્રણ કામગીરી બજાવનારા ૪૫ આરોગ્ય સેવાકર્મીઓ કોરોના વોરિયર્સનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન

ગાંધીનગર, તા. ૧૬ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૭૪માં સ્વાતંત્ર્ય પર્વે પાટનગર ગાંધીનગરમાં ધ્વજવંદન કરાવતા સ્પષ્ટ નિર્ધાર વ્યકત કર્યો કે, સ્વરાજયમાંથી સુરાજ્યની યાત્રા દ્વારા છેવાડાના માનવી, ગરીબ, પીડિત, વંચિત, શોષિતના ઉત્કર્ષ આપણે સંકલ્પબદ્ધ છીએ.




તેમણે કહ્યું કે કોરોનાની વિશ્વવ્યાપી મહામારીના પ્રવર્તમાન સંજોગોમાં આ ૭૪મું સ્વતંત્રતા પર્વ સામાજિક અંતર-સોશિયલ ડિસ્ટન્સ જાળવીને ઉજવાઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત જન સહયોગથી ''હારશે કોરોના-જીતશે ગુજરાત''નો મંત્ર અવશ્ય પાર પાડશે, કોરોનાને દેશવટો-રાજયવટો આપવામાં ગુજરાત સફળ થશે તેવી શ્રધ્ધા દર્શાવી હતી.

ગાંધીનગરમાં સ્વર્ણિમ પાર્ક પરિસરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકર એમ ત્રણ વિરલ વિભૂતિઓની પ્રતિમા સન્મુખ આ સાદગીપુર્ણ પરંતુ ગરીમામય ઉજવણી સંપન્ન થઈ હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રધ્વજને સલામી આપી રાજયના નાગરિકોને સંબોધન કરતા કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીએ ૭૪માં સ્વાતંત્ર્ય પર્વે જાહેર કરેલા 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન'માં પણ લીડ લેવા ગુજરાત સજ્જ છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ડિજિટલ અને ઓનલાઈન ક્ષેત્રે ગુજરાતે હંમેશા અગ્રેસર ભૂમિકા ભજવી છે. હવે આ 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન'માં પણ આપણે અગ્રેસર રહીને આગામી દિવસોમાં ગુજરાતના હેલ્થ સેકટરને સુદ્રઢ-શક્તિશાળી બનાવીશું.



મુખ્યમંત્રીશ્રીએ ૭૪માં સ્વાતંત્ર્ય પર્વને કોરોના વોરીયર્સ સન્માન અવસર બનાવતા રાજયમાં કોરોના સંક્રમણ નિયંત્રણ અને સંકમિતોની સારવાર પોતાના જીવના જોખમે પણ કરનારા રાજ્ય સરકાર ના આરોગ્ય વિભાગના ૪૫ જેટલા તબીબો અને આરોગ્ય સેવા કર્મીઓને પ્રશસ્તિપત્રથી સન્માનિત કર્યા હતા.

તેમણે રાજ્ય સરકારની કોવિડ ટાસ્ક ફોર્સમાં સેવા-યોગદાન આપી રહેલા ૯ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ તબીબો પદ્મશ્રી ડૉ. પંકજ શાહ, પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, ડૉ. આર.કે. પટેલ, ડૉ. દિલીપ માવળંકર, ડૉ. વી.એન. શાહ, ડૉ. અતુલ પટેલ, ડૉ. અમી પરીખ, ડૉ. મહર્ષિ દેસાઈ અને ડૉ. તુષાર પટેલનું પણ સન્માન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણ બાવજૂદ પણ ગુજરાતની વિકાસયાત્રા ''ન રુકના હૈ, ન ઝૂકના હૈ''ના મંત્ર સાથે સતત આગળ વધારી છે તેની વિશદ ભૂમિકા આપી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કૃષિ, ઉદ્યોગ, ઉર્જા, શિક્ષણ, સેવા ક્ષેત્રોમાં હોલિસ્ટિક ડેવલપમેન્ટના સર્વગ્રાહી એપ્રોચથી સરકાર કાર્યરત છે તેમ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ પૂર, વાવાઝોડું, ભૂકંપ, અતિવૃષ્ટિ કે દુષ્કાળ કોઈપણ આપત્તિને પહોંચી વળવા અને પડકારોને તકમાં પરિવર્તિત કરવાના સંસ્કાર ગુજરાતે કેળવ્યા છે તેમ પણ ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે ખેડૂતોને ખરીફ ઋતુમાં પાકને કોઈપણ પ્રકારે થતાં નુકસાન સામે એક પણ પૈસાનું પ્રિમીયમ લીધા વિના આ સરકાર 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના'માં સહાય કરવાની છે. જગતના તાતને પૂરતું પાણી, વીજળી, ખાતર, બિયારણ આપીને ધરતીપુત્રોના બાવડામાં બળ પુરી આખા જગતની ભૂખ ભાંગવા શક્તિમાન બનાવ્યા છે.










મહાનગરપાલિકાનું ધ્વજવંદન : ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવા સમાવાયેલ વિસ્તાર કુડાસણ ખાતે સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન યોજાયું હતું. મેયર શ્રીમતી રીટાબેન પટેલના વરદ્દહસ્તે યોજાયેલ ધ્વજવંદનમાં શહેર જિલ્લાના ધારાસભ્યો અને સાંસદસભ્યો ઉપરાંત શહેરના પ્રતિષ્ઠિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.પ્રાસંગિક સંબોધનમાં મેયરે ગાંધીનગરને દિવ્ય અને ભવ્ય ગાંધીનગર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આગામી દિવસોમાં ગાંધીનગરના વિકાસને ચાર ચાંદ લાગી જાય એવી યોજનાઓ અમલી બનશે. આ પ્રસંગે મેયરશ્રીની ગ્રાન્ટમાંથી તૈયાર કરાયેલ સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કરાયું હતું.

### ખૂણેખાંચરેથી

- ગુજરાત રાજય કારીગર તાલિમ યોજના કર્મચારી મંડળે ૧૭મીથી શરૂ થતું તેમનું આંદોલન બે દિવસ માટે સ્થગિત કર્યુ છે.
- જિલ્લામાં ૧૯ ઑગષ્ટ સુધી વરસાદી વાતાવરણ રહેશે તેવી આગાહી હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના ૩૯મા અંકમાં કરવામાં આવી છે.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં લોન સર્વિસથી અપાયેલા ૧૦ તલાટીને કોઈપણ પ્રકારની મહેસૂલી કામગીરી ના સોંપાતા તલાટીઓમાં ગણગણાટ શરૂ થયો છે.
- ગાંધીનગર મહાનગર પાલિકાના ધ્વજવંદન સમારોહમાં તિરંગા બલુન્સ ઉડાડી અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.
- પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પવા આજે ખાસ પ્રમુખસ્મૃત્તિ સભાનું આયોજન ઈન્ટરનેટના માધ્યમથી કરવામાં આવ્યું હતું.

# જિલ્લાના બે શિક્ષકો અને એક આચાર્યની શ્રેષ્ઠ તરીકે પસંદગી

## પારસા હાઈસ્કૂલના આચાર્ય પ્રવિણભાઈ પટેલ, બાલવા હાઈસ્કૂલના શૈલેષભાઈ પટેલ અને છત્રાલના પ્રા.શાળાના શિક્ષિકા મિત્તલબેન પંડ્યાની પસંદગી



ગાંધીનગર, તા. ૧૬ ગાંધીનગર જિલ્લાના ૩ શિક્ષકોની પસંદગી રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે થવા પામી છે.

જેમાં બાલવા હાઈસ્કૂલના શિક્ષક શૈલેષભાઈ પટેલ, પારસા હાઈસ્કૂલના આચાર્ય પ્રવિણભાઈ પટેલ અને પ્રાથમિક શાળા છત્રાલના સુશ્રી મિત્તલબેન સુમનભાઈ પંડ્યાનો સમાવેશ થાય છે.

શૈલેષભાઈ પટેલ વિસનગરના વતની છે અને બાલવા સ્કૂલમાં છેલ્લા ૧૭ વર્ષથી સેવાઓ આપી રહ્યાં છે. વિજ્ઞાન શિક્ષક તરીકે તેમણે અનોખી લોક ચાહના મેળવી છે. ગત વર્ષે તેઓએ જિલ્લાના પ્રતિભાવંત શિક્ષક તરીકેનો પણ એવોર્ડ મેળવ્યો હતો. એમ.ફીલ સુધીનો શૈક્ષણિક કારકિર્દી ધરાવતા શૈલેષભાઈ એન.સી.સી.ની પ્રવૃત્તિ સાથે પણ સંકળાયેલ છે. તેઓ શાળામાં વિજ્ઞાન મંડળ, ઊર્જા કલબ, ગણિત મંડળ તેમજ વ્યાયામની પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલા છે. તેમણે વ્યાયામ શિક્ષક તરીકે પણ એવોર્ડ મેળવ્યો છે.

પારસા હાઈસ્કૂલના આચાર્ય પ્રવિણભાઈ પટેલ એ તેમની શિસ્ત માટે આગવી ઓળખ ધરાવે છે.

વિજ્ઞાન અને ગણિત એ તેમના વિષયો ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં બાળકોની શાળામાં નિયમિતતા વધે તે માટે સતત આગ્રહી રહ્યા છે. તેઓએ શિક્ષણ ઉપરાંત ઈતર પ્રવૃત્તિમાં પણ બાળકોને સતત પ્રોત્સાહિત કરી અનોખી લોકચાહના પ્રાપ્ત કરેલ છે.

છત્રાલ વિસ્તારમાં પ્રાથમિક શિક્ષિકા તરીકે ફરજો બજાવતા સુશ્રી મિત્તલબેન પંડ્યા એ બાળકોમાં અત્યંત પ્રિય શિક્ષિકા છે. તેમણે ઈનોવેટીવ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધનીય કામગીરી કરી છે.

ત્રણેયની અલગ-અલગ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રદાન કરવાના તેમના પ્રયાસોની નોંધ રાજ્યકક્ષાએ લેવાતાં અને શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી થતાં શૈક્ષણિક જગતમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. આ ત્રણેય શિક્ષકોને ૫ મી સપ્ટેમ્બરના રોજ સન્માનિત કરવામાં આવશે.



# કેસર અને ચોખાના હવનથી પ્લેગના જંતુ નષ્ટ પામે; ગુગળ ધૂપમાં વિષાણુંને મારવાની શક્તિ

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

હવન કે યજ્ઞ કરવો તે વૈજ્ઞાનિક રીતે ઉત્તમ છે અને તેના ફાયદા પણ છે. હવામાં રહેલા વિષાણું કે જંતુઓને મારવાની તેનામાં શક્તિ હોવાથી આપણા પૂર્વજો વર્ષમાં બે થી ત્રણ વખત ઘરમાં હવન કરાવતા હતા. વાતાવરણની પવિત્રતા સાથે આરોગ્યને પણ તંદુરસ્ત રાખે તેવા હવનના અનેક પ્રકાર છે. ઘરમાં યજ્ઞ કરાવવો હોય તો આપણને શરમ આવે છે પરંતુ વિશ્વમાં એવા અનેક દેશો છે કે જ્યાં સાયન્ટિફિક રીતે હવન કરાવવામાં આવે છે. અમેરિકા, ચિલી, પોલેન્ડ, જર્મની,

### દિવસમાં ૨૧,૬૦૦ વખત શ્વસનક્રિયા થાય છે ત્યારે ૧૬ કિલોગ્રામ ઓક્સિજનની જરૂર પડે

જાપાન અને તેના જેવા દેશોમાં હવન કરવાની માત્રા વધી રહી છે. સંશોધકોના મતે વિશ્વમાં ૬૦ ટકા પ્રદૂષણ વાહનોથી થાય છે જે પૈકી એક વાહન ૯૭૦ કિલોમીટરની યાત્રામાં એક વ્યક્તિનો એક વર્ષનો ઓક્સિજન ફૂંકી મારે છે. યજ્ઞમાં હોમવામાં આવતી વનસ્પતિ અને વિવિધ પદાર્થો કોઈને કોઈ ગુણધર્મ ધરાવે છે જે માનવજીવન માટે આવશ્યક છે. હવા પ્રદૂષણના કારણે માનવીના ફેફસાં ખોખલાં બની રહ્યાં છે ત્યારે વૈદિક હવન આરોગ્યની જડીબુટ્ટી બને છે.

**● માનવીને દિવસમાં ૧૬ કિલો ઓક્સિજન જોઇએ...**

સામાન્ય રીતે હવામાં ૨૧ ટકા ઓક્સિજન, ૭૮ ટકા નાઈટ્રોજન, ૦.૦૩ ટકા કાર્બન ડાયોક્સાઈડ અને એક ટકા અન્ય વાયુઓ હોય છે. એક ગેલન પેટ્રોલ કે ડિઝલ બાળવાથી ત્રણ પાઉન્ડ નાઈટ્રોજન-ઓક્સાઈડ વાયુ નિકળે છે જે ૫ થી ૨૦ લાખ ઘનફૂટ હવાને પ્રદૂષિત કરે છે. બીજી તરફ પ્રાકૃતિક સંતુલન માટે પૃથ્વી પર જમીનના ૩૩ ટકા જંગલો હોવા જરૂરી છે પરંતુ આપણા દેશમાં માત્ર ૧૯ ટકા જમીન પર જંગલો છે. દિલ્હી અને અમદાવાદ જેવા મહાનગરમાં લોકો દિવસમાં ૨૦ સિગારેટ જેટલો ધુમાડો પી જાય છે. મનુષ્ય એક દિવસમાં સરેરાશ ૨૧૬૦૦ વખત શ્વસનક્રિયા કરે છે અને આ ક્રિયામાં ૧૬ કિલોગ્રામ ઓક્સિજનની જરૂરિયાત રહે છે. પ્રદૂષણના કારણે વનસ્પતિની કાર્બન ડાયોકસાઈડ ગ્રહણ કરવાની અને ઓક્સિજન છોડવાની પ્રાકૃતિક પ્રક્રિયા મંદ પડી છે. વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે વાયુ પ્રદૂષણને નિયંત્રિત કરવામાં નહીં આવે તો લોકોએ ઓક્સિજન ગેસ સિલિન્ડર સાથે બાંધીને ફરવું પડશે, જે રીતે અત્યારે અશુદ્ધ પાણીના કારણે લોકો મીનરલ વોટરની બોટલ લઈને ફરી રહ્યાં છે.

**● હવન માટે વિદેશના વૈજ્ઞાનિકો શું કહી રહ્યાં છે...**

રશિયાના એક વૈજ્ઞાનિક શિરોવિચે તેમના એક પુસ્તકમાં લખ્યું છે કે ગાયના ઘી ને અગ્નિમાં નાંખવામાં આવે તો તેનાથી ઉત્પન્ન થતો ધુમાડો અણુ વિકિરણના પ્રભાવને દૂર કરે છે. એશિયન્ટ હિસ્ટ્રી ઓન મેડીસીનના ચિકિત્સાશાસ્ત્રી એમ. મોનિયર કહે છે કે રોગના જંતુઓને સમાપ્ત કરવા યજ્ઞ સુલભ અને સરળ છે, તેના જેવી બીજી કોઈ પદ્ધતિ નથી. ફ્રાન્સના વૈજ્ઞાનિક ટિલવર્ટ જણાવે છે કે સાકરના દહનથી ઉત્પન્ન થતાં ધુમાડામાં પર્યાવરણ પરિશોધનની વિચિત્ર શક્તિ છે, જેનાથી ટીબી, ઓરી-અછબડાં, શીતળા અને કોલેરાના વિષાણુંઓ નષ્ટ થઈ જાય છે. ડો. કર્નલ કિંગે સાબિત કર્યું છે કે કેસર અને ચોખા મેળવી હવન કરવાથી પ્લેગના જંતુઓ નષ્ટ પામે છે. ડો. ડિલીટ માને છે કે સુકા મેવાનો હવન કરવાથી સન્નિપાત જવર અને ટાઈફોઈડના જીવાણુંઓ અડધા કલાકમાં નષ્ટ થાય છે. સૌથી વધુ અચરજ પમાડે તેવો પ્રયોગ પૂના સ્થિ ફર્ગ્યુસન કોલેજના જીવાણુંશાસ્ત્રીએ કર્યો છે. તેમના મતે ૮૦૦૦ ઘનફૂટના એક હોલમાં કૃત્રિમ રીતે તૈયાર કરવામાં આવેલો વાયુ પ્રદૂષણનો ૭૭.૫ ટકા ભાગ માત્ર અનેક વખતના હવન કરવાથી દૂર થયો હતો.

### ગાયના ઘી ને અગ્નિમાં હોમવાથી ઉત્પન્ન થતો ધુમાડો અણુ વિકિરણના પ્રભાવને દૂર કરે

અમેરિકા, ચિલી, પોલેન્ડ અને જર્મનીમાં અગ્નિહોત્ર (હવન)નો પ્રચાર વધી રહ્યો છે.

**● શંખ ફૂંકવાથી બેક્ટેરિયા-વિષાણું નાશ પામે છે...**

આજે કોરોનાથી ગભરાયેલા વિશ્વના દેશોમાં એક સમય હતો જ્યારે સાર્સ નામના રોજચાળાથી અનેક દેશો ભયભીત બન્યાં હતા. સાર્સની પણ એ સમય કોઈ દવા કે રસી ન હતી. ભારતના આયુર્વેદમાં શ્વસનતંત્રના રોગનું નિવારણ કરવાની અનેક પદ્ધતિઓ છે. પૌરાણિક સમયમાં જ્યારે વિષાણુંજન્ય રોગ ફેલાતા હતા ત્યારે આયુર્વેદની પદ્ધતિઓ પ્રચલિત બની હતી. આયુર્વેદના મતે વાત, પિત્ત અને કફને એક સમાન કરવાની દવા આપવામાં આવે ત્યારે કોઈપણ રોગ કાબૂમાં આવે છે. જો કે હવા દ્વારા ફેલાતા રોગો માટે લીમડાના પાન, હળદર અને ગૂગળને ગાયના ઘી માં મેળવીને હવન કરવાથી ફાયદો થાય છે. સાર્સ જેવા શ્વસનતંત્રના રોગને કાબૂમાં લેવા માટે આયુર્વેદની ધુમ્ર ચિકિત્સા શ્રેષ્ઠ હોવાનું સંશોધન થયું છે. અમેરિકામાં પણ હવે લીમડાને માન્યતા આપવામાં આવેલી છે. રશિયામાં તો હવે શંખ ફૂંકીને હવામાં રહેલા બેકટેરિયા કે વિષાણુંને દૂર રાખવાના પ્રયોગ શરૂ થયાં છે. આ કારણથી જ હિન્દુ મંદિરોમાં શંખ વગાડવામાં આવે છે. મહાભારતનું યુદ્ધ થયું ત્યારે શંખ અને નગારા વગાડવામાં આવતા હતા કારણ કે તેનાથી હવામાં રહેલા જીવાણું, વિષાણું અને બેક્ટેરિયાનો નાશ થતો હતો.



**● ધૂપબત્તીનો પ્રયોગ ઘર માટે સર્વોત્તમ છે...**

આયુર્વેદમાં એક શ્રલોક છે – નાસા હિ સિરસો દ્વારં – એટલે કે નાક એ માથાનું દ્વાર છે અને નાક વાટે ઔષધી માથાના રોગનો નાશ કરે છે. માનવીના મગજમાં બ્લડ બ્રેઈન બેરીયર છે જે કોઈપણ હાનિકારક વસ્તુને મગજમાં પહોંચવા દેવું નથી. આ બેરીયરને દેશી ગાયનું ઘી અને હવનનું ધૂપ આરામથી મગજના ભાગ સુધી પહોંચીને મગજને વધુ કાર્યક્ષમ બનાવે છે. વૈદિક કાળમાં હવનનો આવિષ્કાર ઋષિઓએ કર્યો હતો જેનો મુખ્ય હેતુ મગજ સાથે સંકળાયેલો હતો. હવનનો ધુમાડો નાક દ્વારા શરીરના મધ્યસ્થ ચેતાતંત્ર (સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ) માં પહોંચે છે અને શરીર શુદ્ધ કરે છે, સાથે સાથે શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વૃદ્ધિ કરે છે. દેશી ગાયનું વલોણાંનું ઘી, દેશી ગાયનું ગોબર, ભીમસેની કપૂર, જટામાસી, જાયફળ, અત્તર, તગર અને કપૂર કાંચળીથી બનાવેલી ધૂપબત્તી સળગે છે ત્યારે કુદરતી ધુમાડો ઉત્પન્ન થાય છે જે શ્વસનતંત્રને લગતી બિમારી મટાડે છે. લોહીના ગઠ્ઠાને દૂર કરે છે અને નાક, ફેફસાં તેમજ લોહીની નસના હાનિકારક બેક્ટેરિયાનો નાશ કરે છે.

**● ગાયનું ઘી પ્રદૂષણ દૂર કરતાં વાયુ પેદા કરે છે...**

ગાયનું શુદ્ધ ઘી જ્યારે હવનમાં હોમવામાં આવે છે ત્યારે ચાર પ્રકારના વાયુઓ ઉર્જાના રૂપમાં ઉત્પન્ન થાય છે જેમાં એથેલીન ઓકસાઈડ, પ્રોપિલીન ઓકસાઈડ, હાર્મેલ્ડહાઈડ અને બીટા પ્રોપિયોલેક્ટોનનો સમાવેશ થાય છે. આ વાયુ પર્યાવરણ શુદ્ધ કરે છે. રોગ અને મનનો તનાવ દૂર કરે છે. પ્રમેહ માટે કહેવામાં આવે છે કે ઔદુમ્બર (ઉમરાડા)ની સમીધાનો ઘી સાથે હોમ કરવાથી તમામ પ્રકારના પ્રમેહ દૂર થાય છે. મધ અને શેરડીના રસને એકત્ર કરી તેનો હોમ કરવાથી પ્રમેહ રોગ નાશ પામે છે. આયુર્વેદાચાર્ય કહે છે કે શુદ્ધ ગૂગળની ગોળી બનાવી તેનો ઘી સાથે હોમ કરવાતી ભાગ્યની વૃદ્ધિ થાય છે. રાષ્ટ્રીય વનસ્પતિ અનુસંધાન, લખનૌના રિસર્ચ પ્રમાણે હવનના ધુમાડાથી જીવાણુંનું સ્તર સામાન્ય કરતાં ૯૬ ટકા ઓછું જોવા મળે છે. યજ્ઞ એ વિજ્ઞાન છે. હવનકુંડમાં ગાયના છાણમાંથી બનેલાં છાણાં અને આંબાના ડાળની લાકડીઓ તેમજ યજ્ઞ સામગ્રીનો ઉપયોગ કરતાં હવાના ખતરનાક બેક્ટેરિયા નાશ પામે છે. આધુનિક સંશોધનમાં જણાવ્યા પ્રમાણે હવનથી ગંભીર બિમારી ફેલાતી અટકી જાય છે અને નકારાત્મક શક્તિનો નાશ થાય છે.

### શ્વસનતંત્રના રોગને કાબૂમાં લેવા માટે આયુર્વેદની ધુમ્ર ચિકિત્સા શ્રેષ્ઠ હોવાનું સંશોધન

**● હવન કે યજ્ઞમાં ક્યા લાકડાં વાપરવા જોઇએ...**

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે – યજ્ઞો ભુવંસ્ય નાભિઃ -- એટલે કે યજ્ઞ સમસ્ત બ્રહ્માંડનું કેન્દ્રસ્થાન છે. હવનની સમધિમાં મુખ્યત્વે આંબાના લાકડા, આકડો, ખાખરો, ખેર, અઘેડો, પીપળો, ઉમરો, ખીજડો, દુર્વા અને કૂશ (ડાભ)નો ઉપયોગ થાય છે જેનો સબંધ ગ્રહ અને રોગ સાથે છે. હવનમાં ચાર પ્રકારના દ્રવ્યો હોય છે જેમાં સુગંધિત (કેસર, કસ્તુરી, અંબર, શ્વેતચંદન, કપુર, જાવંત્રી, જાયફળ, અગર, તગર, પાંદડી, ઈલાયચી), પુષ્ટીકારક (ગાયનું ઘી, ફળ, કંદ, અન્ન, તલ, મૂસળી, બદામ, કાજુ, અંજીર જરદાલું), મિષ્ટ (સાકર, છુઆરિ, ખારેક, દ્રાક્ષ, મધ, ટોપરૂં, દૂધ) તેમજ રોગનાશક દ્રવ્ય ( ગળો, સોમવેલ, બ્રાહ્મી) નો સમાવેશ હોય છે. ઘણીવાર ઋતુ પ્રમાણેના સમિધ વાપરવામાં આવે છે જેમ કે વસંત હોય તો ખીજડો, ગ્રીષ્મ હોય તો પીપળો, વર્ષા હોય તો બીલી, શરદ હોય તો આંબો, હેમન્ત હોય તો ખેર અને શિશિર હોય તો ઉંમરો વપરાય છે.

**● કપૂર પ્રગટાવવાથી નેગેટિવિટી ખતમ થાય છે...**

આપણે હોમ, હવન કે યજ્ઞને કર્મકાંડ સમજીએ છીએ પરંતુ તે ભૂલભરેલું છે, વાસ્તવમાં તે મોટો વૈજ્ઞાનિક આધાર છે. વેદ અનુસાર યજ્ઞ—બ્રહ્મ, દેવ, પિતૃ, વૈશ્વ અને અતિથિ એમ પાંચ પ્રકારના હોય છે. હવન અને યજ્ઞમાં થોડો ફરક છે. જે વ્યક્તિ યજ્ઞમાં ભાગ લે છે તેની પર તથા નજીકના વાયુમંડળ પર તેનો મોટો પ્રભાવ પડે છે. વૈજ્ઞાનિકો હજી કૃત્રિમ વર્ષાના પ્રયોગમાં સફળ થયા નથી પરંતુ યજ્ઞ દ્વારા વરસાદ લાવવાના પ્રયોગો સફળ રહ્યાં છે. હવન એ યજ્ઞનું નાનું સ્વરૂપ છે. કોઈપણ પૂજા કે જાપ કર્યા પછી અગ્નિમાં આપવામાં આવતી આહૂતિની પ્રક્રિયાને હવન કહે છે જ્યે કોઈ ખાસ ઉદ્દેશ સાથે દેવતાને આપવામાં આવતી આહૂતિ એ યજ્ઞ છે. વેદ અને મંત્રોચ્ચાર સાથે આહૂતિ આપવામાં આવે છે. વાસુદેવ યજ્ઞ એટલે કે કૃષ્ણ યજ્ઞ પરિવારમાં પુત્રપ્રાપ્તિ માટે કરવામા આવે છે અને તે પાંચ, સાત, આઠ કે નવ દિવસે પૂર્ણ થાય છે. હોલિકા દહન એક પ્રકારનો યજ્ઞ છે. આચાર્યોનું કહેવું છે કે હવનમાં કપૂર, ગૂગળ, ઈલાયચી, જાવંત્રી, જટામાંસી, સુખડ, સુગંધિત વાળો જેવા દ્રવ્યો ઉમેરવામાં આવે તો અનેક સંક્રમિત રોગથી બચી શકાય છે. ધર્મગ્રંથ અનુસાર પૂજાપાઠમાં પ્રગટાવવામાં આવતા કપૂરથી નેગેટીવ ઉર્જાનો નાશ થાય છે. ઘરમાં સવાર અને સાંજ કપૂર પ્રગટાવવાથી નેગેટીવ ઉર્જા પ્રવેશી શકતી નથી અને ખરાબ હવા બહાર જાય છે.